# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ००૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૨૬/૬/૨૦૨૦

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ‘થાઈલેન્ડમાં વેપાર–ઉદ્યોગની તકો’ વિશે વેબીનાર યોજાયો

**સુરત :** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને ઇન્ડો થાઇ ચેમ્બર ઓફ એમએસએમઇઝના સંયુકત ઉપક્રમે ગઇકાલે સવારે ૧૧:૦૦ કલાકે ‘બિઝનેસ ઓપોર્ચ્યુનિટીઝ ઇન થાઇલેન્ડ’ વિષય ઉપર ૮૦માં વેબીનારનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે રોયલ થાઇ કોન્સ્યુલેટ–જનરલ, મુંબઇના કોન્સુલ જનરલ હીઝ એકસીલન્સ મિસ્ટર થાનાવત સિરીકુલ તથા નિષ્ણાંત વકતા તરીકે થાઇલેન્ડ બોર્ડ ઓફ ઇન્વેસ્ટમેન્ટ મુંબઇના ડાયરેકટર મિસ્ટર નન્થાપોલ સુડબાન્થડ, થાઇ ટ્રેડ સેન્ટર મુંબઇના એકઝીકયુટીવ ડાયરેકટર મિસ સુપત્રા સાવન્ગસરી અને ટુરીઝમ ઓથોરીટી ઓફ થાઇલેન્ડ મુંબઇના ડાયરેકટર મિસ ચોલાડા સિદ્ધીવરન દ્વારા થાઇલેન્ડ સાથે વેપાર–ઉદ્યોગ તથા રોકાણ વિશેની માહિતી આપવામાં આવી હતી.

ચેમ્બરના ભૂતપુર્વ પ્રમુખ તેમજ ઇન્ડો થાઇ ચેમ્બર ઓફ એમએસએમઇઝના પ્રમુખ શ્રી રોહિત મહેતાએ સર્વેને આવકારી વેબીનારની શરૂઆત કરી હતી. તેમણે કાર્યક્રમની રૂપરેખા આપી સમગ્ર વેબીનારનું સંચાલન કર્યુ હતુ.

હીઝ એકસીલન્સ મિસ્ટર થાનાવત સિરીકુલે જણાવ્યુ હતુ કે, ભારત અને થાઇલેન્ડ વચ્ચેના ઔદ્યોગિક સંબંધો ઘણા મજબુત છે. વર્ષ ૨૦૧૯માં થાઇલેન્ડના પ્રાઇમ મિનિસ્ટરે ભારતની મુલાકાત લીધી હતી અને ત્યારબાદ ભારતના વડાપ્રધાનશ્રી પણ આરસેપ સમીટ વખતે થાઇલેન્ડમાં પધાર્યા હતા. બંને દેશો બિઝનેસમાં હજી કઇ રીતે આગળ વધી શકાય તે માટે ચર્ચા વિચારણા થઇ હતી. સુરત એક સ્માર્ટ સિટી છે અને ભવિષ્યનું બેંગકોક બનવા તરફ આગળ વધી રહયું છે. કોરોના વાયરસને કારણે લોકડાઉનની સ્થિતિ ઉભી થઇ હતી અને બંને દેશો વચ્ચેના વેપાર ઉદ્યોગને અસર થઇ છે.

મિસ સુપત્રા સાવન્ગસરીએ જણાવ્યુ હતુ કે, થાઇલેન્ડ કીચન ઓફ વર્લ્ડ તરીકે જાણીતુ છે. ત્યાં રાઇસ, રબર, પામઓઇલ, સ્ટાર્ચ, ઓટોમોબાઇલ્સ, સ્પેર્સ, જેમ એન્ડ જ્વેલરી અને ફૂડ પ્રોડકટ, ઇલેકટ્રોનિક ગુડ્સ એન્ડ હેલ્થ કેર પ્રોડકટ્સ અને કોસ્મેટીક પ્રોડકટ્સનું ઉત્પાદન થાય છે. આ બધી વસ્તુઓનું થાઇલેન્ડથી મોટી માત્રામાં એક્ષ્પોર્ટ કરવામાં આવે છે. થાઇલેન્ડની ૫૦ ટકા જમીનને ખેતી માટે ઉપયોગમાં લેવાય છે. થાઇલેન્ડ હાર્ડડીસ્ક ડ્રાઇવ અને એર કન્ડીશનર બનાવવામાં વિશ્વમાં બીજા નંબરે આવે છે. થાઇલેન્ડમાં ફર્નીચર ઇન્ડસ્ટ્રી પણ તેજ ગતિથી આગળ વધી રહી છે.

મિસ્ટર નન્થાપોલ સુડબાન્થડે જણાવ્યુ હતુ કે, થાઇલેન્ડમાં રોકાણકારો વિવિધ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ અને પાર્કસ્માં રોકાણ કરી શકે છે. થાઇલેન્ડની સરકાર રોકાણકારોને ટેક્ષ ઇન્સેન્ટીવ પણ આપે છે. કોર્પોરેટ ઇન્કમ ટેક્ષમાં ૫૦ ટકા ડીડકશન આપવામાં આવે છે. જો થાઇલેન્ડમાં મેન્યુફેકચરીંગ કરવામાં આવે તો મશીનરીઝની ઇમ્પોર્ટ ડયુટીમાં રાહત આપવામાં આવે છે. બાયોગેસ ઇન્ડસ્ટ્રી અને એન્જીનિયરીંગ ક્ષેત્રમાં તેઓ સ્નાતકોને નોકરીની પણ તક પુરી પાડે છે. એવીએશન ઇન્ડસ્ટ્રી તથા ઇનોવેશન એન્ડ ડિજીટલ પાર્ક પણ ડેવલપ કરવામાં આવી રહયાં છે. તેમણે ઇસ્ટર્ન ઇકોનોમિક કોરીડોર અને સ્માર્ટ વિઝા પ્રોગ્રામ વિશે માહિતી આપી હતી. થાઇલેન્ડમાં સોલાર ઇન્ડસ્ટ્રી માટે પણ વિપુલ તકો છે.

મિસ ચોલાડા સિદ્ધીવરને કોવિડ– ૧૯ બાદના થાઇલેન્ડ ટુરીઝમ વિશે માહિતી આપતા જણાવ્યુ હતુ કે, થાઇલેન્ડ સરકારે ૧૫ જૂનથી કર્ફ્યુ ઉઠાવી લીધો છે અને ડોમેસ્ટીક બિઝનેસ માર્કેટ ઓપન કરી દીધી છે. તેમણે પબ્લીક હેલ્થને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવેલા 'બેસ્ટ' કોન્સેપ્ટ એટલે કે એડવાન્સ બુકીંગ, એન્વાયર્નમેન્ટ, સેફટી અને ટેકનોલોજી વિશે માહિતી આપી હતી. હેલ્થ એન્ડ સેફટી હાઇજીનની ગાઇડલાઇનના પાલન સાથે થાઇલેન્ડ આંતરરાષ્ટ્રીય ટ્રાફિક માટે ટૂંક સમયમાં ફરીથી ઓપન કરવામાં આવશે.

વેબીનારમાં ઇન્ડો થાઇ ચેમ્બર ઓફ એમએસએમઇઝના મેનેજિંગ ડિરેકટર શ્રી રાકેશ ત્રિવેદીએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતુ.